ફો.કેસ નં. :– ૩૬૭/૨૦૧૮
આંક–૪૨નું સાંધણ



**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે આંક–૪૨થી આરોપી ધ્રુવ નવીનભાઈ ઠકકરની સરતપાસ લગત ફરીયાદી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા**

(૧) એ વાત ખરી છે કે, કડી મુકામે અમે રહેતા હતા. એ વાત ખરી છે કે, કડી મુકામે મેસર્સ ધ્રુવ નવીનભાઈ ઠકકર નામની પેઢી ચલાવતા હતા. મેં સને ૨૦૧૨નાં વર્ષમાં આ પેઢી શરુ કરેલી. એ વાત ખરી છે કે, હું આ પેઢીમાં હળવદ અને અન્ય જગ્યાઓથી જીરૂ,વરીયાળી, એરંડા વીગેરે ખેતપેદાશોની ખરીદી કરતા હતા. એ વાત ખરી છે કે, અમે રાજકોટ, ગોંડલ, હળવદ, કડી અને ગુજરાતના બીજા યાર્ડોમાંથી વેપારીઓ પાસેથી ખરીદી કરતા હતા.

સવાલ:– તમો વેપારીઓ પાસેથી ખરીદેલ જણસ(માલ)ની થતી રકમ બાકી આપવાનો ભરોસો અને વિશ્વાસ આપતા હતા ?

જવાબ:– અમારે ત્યાં ટ્રકમાં ભરેલ માલ આવે તે પછી અમારે ત્યાં વજનકાંટે વજન કરી ડીલેવરી રસીદમાં સહી સીકકા કરી અમારા આવક રજીસ્ટરમાં નોંધ કરી તે પછી અમે તેનું પેમેન્ટ આર.ટી.જી.એસ.થી ઓનલાઈન બીજા દીવસે ટ્રાન્સફર કરતા હતા.

એ વાત ખરી નથી કે, મેં વજનકાંટાના બીલમાં ડીલેવરી રસીદમાં સહી સીકકા કરેલી રસીદ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મેં આર.ટી.જી.એસ.થી પેમેન્ટ કરેલાની રસીદ આ કામે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે જાતે જ પેમેન્ટ કરી દેતા હતા તેથી રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, નાણાકીય વર્ષ ૨૦૧૫–૨૦૧૬, વર્ષ ૨૦૧૬–૨૦૧૭, વર્ષ ૨૦૧૭–૨૦૧૮માં અંશ એન્ટરપ્રાઈઝમાંથી ખેતપેદાશ ખેડુતોની જણસ મંગાવી ખરીદ કરતા હતા. એ વાત ખરી છે કે, મારા પિતાનું નામ નવીનભાઈ રાયચંદભાઈ ઠકકર (દક્ષીણી) છે. એ વાત ખરી છે કે, મારા પિતા કડી મુકામે ગજલક્ષ્મી ટ્રેડર્સ નામની માર્કેટીંગ યાર્ડમાં પેઢી ચલાવતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રાજકોટ, ગોંડલ, હળવદ મુકામે પણ પેઢી ચલાવતા હતા. એ વાત ખરી છે કે, મારા પિતાએ વર્ષ ૨૦૧૭માં હળવદ માર્કેટીંગ યાર્ડમાં આવેલ દુકાન નંબર ૩૩ ભાડે રાખેલ હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આખી દુકાન નહી પરંતુ નીચેનો ભાગ ભાડે રાખેલ હતો. એ વાત ખરી છે કે, મારા પિતાએ વર્ષ ૨૦૧૭માં હળવદ માર્કેટીંગ યાર્ડમાં આવેલ દુકાન નંબર ૩૩ ભાડે રાખેલ હતી તેમાં ગજલક્ષ્મી ટ્રેડર્સ નામની પેઢી ચાલુ કરેલી. એ વાત ખરી છે કે, ગજલક્ષ્મી ટ્રેડર્સ નામની પેઢીનો જી.એસ.ટી. નંબર ન હતો. એ વાત ખરી છે કે, ટેક્ષેબલ ખેડુત જણસની ખરીદી અમો અંશ એન્ટરપ્રાઈઝ (પ્રોપરાઈટર અશોકભાઈ ગાંડાલાલ બાપોદરીયા) પેઢીમાંથી કરતા હતા. એ વાત ખરી છે કે, અમે હળવદ યાર્ડના વેપારી પાસેથી ખરીદેલ જણસીઓ કડી મુકામે મેસર્સ ધ્રુવ નવીનભાઈ ઠકકર નામની પેઢીમાં મંગાવતા હતા.

આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ વધુ ઉલટતપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૯/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.